॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

નખત્રાણા-કચ્છ

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ચૈત્ર સુદ - ૯ ● તા. ૨૧-૪-૨૦૨૧ ● બુધવાર SDP NO: 368 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

Government of Gujarat
Finance Department
Sachivalaya, Gandhinagar.
Circular No: BNK-102021-Dir(IF)-1-N
Dated. 20 APR 2021

Read: (1) Proposal of State Level Bankers' Committee dated 15.04.2021

With a view to containing COVID-19 cases in the State of Gujarat, Heads of major PSBs & Private sector banks, Regional Director of RBI, Ahmedabad, Convener, SLBC, Gujarat etc. held a meeting to have an assessment and course of action to be taken with regards to banking activities. Based on the outcome of the meeting, the SLBC has recommended certain steps vide letter referred above. The state government has considered the said recommendations and as a measure to contain the spread of COVID-19, it is hereby decided from 21.04.2021 to 30.04.2021 as under:

1. Banking business for customers shall be undertaken from 10.00 am to 2:00 pm
2. Bank branches and its offices shall provide only essential services to customers and preference shall be given to Sr. Citizens. The essential services will include cash deposit, cash withdrawal, RTGS & Remittances including Clearing etc. Any call given by the government shall be given priority.
3. Staff strength in branches/administrative offices shall be curtailed by 50% by adopting alternate days working/work from home etc. to minimize the risk of spread of pandemic.

Banks shall ensure adequate cash in ATMs and encourage the customers to use Digital Payments modes.

In addition to the above, guidelines relating to COVID-19 Pandemic issued by the Government of India, Government of Gujarat and all other local Competent Authorities shall also be strictly adhered to and Covid Appropriate Behaviour to be Strictly observed by all concerned.

This issues with the approval of the competent authority on note dated 20.04.2021 on even number file of this Department.

By order and in the name of Governor of Gujarat,

(Dilip Thaker)
Director (Institutional Finance) &
Deputy Secretary to Government

Copy through e-mail to:-
Chief Principal Secretary to Hon. Chief Minister, SS-1, Sachivalaya, Gandhinagar
Personal Secretary to Hon. Deputy Chief Minister(Finance), SS-1, Sachivalaya, G'nagar
PS to Additional Chief Secretary, Home Department, Sachivalaya, Gandhinagar
PS to Additional Chief Secretary, Finance Department, Sachivalaya, Gandhinagar
PS to Additional Chief Secretary, General Admn. Department, Sachivalaya, G'nagar
Secretary (Economic Affairs), Finance Department, Sachivalaya, Gandhinagar
Secretary (Expenditure), Finance Department, Sachivalaya, Gandhinagar
Director of Information (Gujarat State), Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar
Regional Director, Ahmedabad Region, Reserve Bank of India, Ahmedabad
Convenor, State Level Bankers' Committee, Ahmedabad
All Collectors and District Magistrates
Branch Select File

30 એપ્રિલ 2021 સુધી બેન્ક સવારે 10 થી બપોરે 2 વાગ્યા સુધી જ ચાલશે

સંત શ્રી વાલરામજી ગુરુ શ્રી ઓધવરામજી મહારાજ વાંઢાયની ૯૫ મી જન્મ જંયતી નિમિતે કોટી કોટી વંદન..

આજે ૨૧/૦૪/૨૦૨૧ શ્રી વાલરામજી મહારાજ ગુરુ શ્રી ઓધવરામ મહારાજનો તિથિ મુજબ ૯૫મો પ્રાગટ્ય દિવસ છે.

ચૈત્ર સુદ ચોથ આજ થી ૯૫ વર્ષો પુર્વે કરાચી માં ઓધવરામજી મહારાજ તા. ૧૬/ ૪/૧૯૨૬માં પ્રાગટય જેમકે આજ તિથિના મર્યાદા પુરસોતમ શ્રી રામચંદ્રજીનાં રઘુવંશ માં પ્રાગટ્ય થયો.

માતા ગોમા માં તથા પિતા ગાંગજી રૂપારેલ ઠકકર. યોગા નુ યોગ આજે પણ તિથિ અને તારીખ નો સુમેળ થાય છે અને આવતા ૮૦ વરસે આવીજ રીતે તિથિ અને તારીખ નો યોગ થશે.

ભગવાન વાલરામ

શ્રી રામચંદ્ર ભગવાન નાં પ્રાગટ્ય દિવસ ની વધાઈ
આજે સંત શ્રી ઓધવરામજી મહારાજ નો પ્રાગટ્ય દિવસ છે .
આજે ઉમિયા માતાજી મંદિર વાંઢાય પાટોત્સવ છે .
આજે સંત શ્રી વાલરામજી મહારાજ દિક્ષા દિવસ છે .
હરિહર ... હરિૐ ... જય શ્રી રામ ...
વાંઢાય તિર્થધામ સાધના કુટીર. જીતુ ભગત, હરિ ૐ હરિ હર ...

MP હરદા પાટીદાર ભવન કોવિડ સેન્ટર માટે અર્પણ

કચ્છ કડવા પાટીદાર સમાજ હરદા ભવન જિલ્લા પ્રશાસન દ્વારા આજથી covid સેન્ટર માટે ઉપયોગ કરવામાં આવેલ છે.

જ્યાં સુધી covid સેન્ટર ચાલશે ત્યાં સુધી કોઈપણ સામાજીક ગતિવિધિ ભવનમાં થઈ શકશે નહીં. તા.૧૯/૪/૨૦૨૧ સોમવાર ના કલેકટર હરદા જિલ્લા પોલીસ અધિક્ષક હરદ, ડેપ્યુટી કલેકટર એસ.ડી.એમ હરદા અને જિલ્લા covid પ્રભારી મેડિકલ ટીમ સમાજ વાડી ભવન આવેલ હતા સાથે સમાજ ના અધ્યક્ષ વિનોદભાઈ રવિ લાલભાઈ નટવરભાઈ રવજીભાઈ હાજર હતા નિરીક્ષણ ઉપરાંત કલેકટર મહોદય covid સેન્ટર બનાવવા નો નિર્દેશ આપેલ છે.

રંજનબેન ભાવાણી. ફોરેસ્ટ કાઉન્સીલ.

અષ્ટમી હવન ઉમિયા માતા સંસ્થાન વાંઢાય

હવન દર્શન ચૈત્ર સુદ -૮ / મંગળવાર તા.૨૦/૦૪/૨૦૨૧

ઉમિયા માતાજી મંદિર - વાંઢાય કચ્છ મધ્યે ચૈત્રી અષ્ટમી હવન પૂર્વ ઉત્સાહ પૂર્વક ઓછી સંખ્યા માં લક્ષ્મીનારાયણ સ્વરૂપે આયોજિત કરવામાં આવેલ. જેમાં ટ્રસ્ટીશ્રી શિવજીભાઈ કાનાણી, ડૉ. પ્રેમજીભાઈ ગોગારી, ડૉ. કે.વી.પાટીદાર, હોદેદારોમાં મહામંત્રી બાબુભાઇ ચોપડા, તેમજ અન્ય મહાનુભાવો તેમજ કારોબારી સભ્ય રમણભાઈ ચોપડા, ધનજીભાઈ ભાવાણી, હાજર રહ્યા હતા ને વિશ્વને મહામારી મુક્ત કરવાની પ્રાર્થના કરવામાં આવેલ..

આજ રોજ મંદિર ના પાટોત્સવ નિમિતે ધ્વજારોહણ કરવામાં આવશે...

માતાજી ના અદભુત ભાવના ની લાગણી સહુ પ્રજવલિત કરશો જે મનોમન ભાવ પ્રગટ કરી ને વંદન કરશો..

બાબુલાલ ચોપડા.
મહામંત્રી, ઉમિયામાતા સંસ્થાન વંઢાય કચ્છ

સુરત સમસ્ત પાટીદાર સમાજ વાડી માં કોવિડ કેર આઈસોલેશન સેન્ટરનો પ્રારંભ

કોરોના મહામારીના બીજા તબક્કામાં અનેક લોકો રોજે રોજ સંક્રમિત થઈ રહ્યાં છે. ઘરના એક સભ્યને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોય અને ઘરના અન્ય સભ્યને કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે હેતુસર સમસ્ત પાટીદાર સમાજ આ કોરોનાની મહામારી સામે લડવા આગળ આવ્યો છે. આ કોરોનાની મહામારીમાં અત્યારે જો સૌથી જરૂરી વ્યવસ્થા હોય તો આઈસોલેશન વોર્ડની છે. ત્યારે કોરોના દર્દીને મદદ કરવાના હેતુથી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ દ્વારા કતારગામ-વેડરોડ મેડીકલ એસોસિએશનના સહયોગથી ૫૪ બેડનું કોવિડ કેર આઈસોલેશન સેવા સેન્ટર કતારગામ આંબાતલાવડી સ્થિત સમસ્ત પાટીદાર સમાજની વાડીમાં શરૂ કરવામાં આવ્યું છે.

મંગળવારે સવારે ૧૦ કલાકે સુરત મહાનગર પાલિકાના કમિશનર બંછાનિધી પાની, સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટના પ્રમુખ વેલજીભાઈ શેટા, ઉપપ્રમુખ કાળુભાઈ ભીમનાથ, ગોવિંદભાઈ ધોળકિયા, લાલજીભાઈ પટેલ, મથુરભાઈ સવાણી અને સમાજના અન્ય અગ્રણી, તેમજ તમામ સમિતિના વ્યવસ્થાપકની અધ્યક્ષતામાં આ વોર્ડને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

જે દરદીને ડોક્ટર દ્વારા ઘરે હોમ ક્વોરેન્ટાઈન થવાની સૂચના આપી હોય અને દરદીને ઘરે અલગ રહેવાની સગવડના હોય એવા દરદીઓ તથા હોસ્પિટલમાંથી રજા લીધા પછી ડોક્ટરની દેખરેખની જરૂર હોય તેવા દરદીઓને આ આઈસોલેશન વોર્ડમાં પ્રવેશ મેળવી શકશે.

આ આઈસોલેશન વોર્ડમાં દરદીની તપાસ માટે કન્સલ્ટન્ટ ૧૫ ડોક્ટરની ટીમ તેમજ વિઝીટર ૧૫ ડોક્ટરો સાથે કુલ ૩૦ તજજ્ઞ ડોક્ટરોની ટીમ સેવા આપી દરદીઓને દવા પણ પુરી પાડવામાં આવશે. સાથે સાથે સવારનો ચા, નાસ્તો, બે ટાઈમ ભોજન, મિનરલ વોટર અને એનર્જી ડ્રિંક પણ આપવામાં આવશે. આ તમામ સુવિધાઓ વિનામૂલ્યે પુરી પાડવામાં આવશે. આપના આ આઈસોલેશન સેન્ટર પર કોરોનાની સારવાર માટે ઓક્સિજન બેડ, એમ્બ્યુલન્સ, દવાઓ, નર્સિંગ સ્ટાફ, કોવિડ રિપોર્ટ, કોરોના રસીકરણ કેન્દ્ર તથા દરદીને જમવા સાથેની અનેક સુવિધા સાથેનું કોવિડ આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ઉપરાંત કોરોનાના દરદીઓ તણાવમુક્ત થાય તે માટે રોજે રોજ અલગ અલગ કાર્યક્રમો યોજી અને એલઈડી સ્ક્રીન દ્વારા મોટીવેટ કરવામાં આવશે.

જેમને ઘર પર હોમ આઈસોલેશનની સગવડ ન હોય તેવા દરદીઓ તેમજ હોસ્પિટલમાંથી રજા લીધા પછી જરૂર હોય તેવા દરદીઓ લાભ લઈ શકશે

Action PLANE HEALTH & DISASTAR યુવાસંઘ.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ દ્વારા તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૧ સમય રાત્રે : ૯.૦૦ કલાકે આપાતકાલીન ઝૂમ મિટિંગનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર વિશ્વ સાથે આપણી સમાજના સર્વે જ્ઞાતિજનો હાલની કોરોના મહામારી ની અત્યંત નાજુક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે, ત્યારે સ્વયમને અને પરિવારને રક્ષિત રાખવા સાથે જ્ઞાતિજનોને કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે બાબત જ આપણી અગ્રીમતા છે.

તે માટે એક ખુબ જ અગત્યની આપાત કાલીન ઝૂમ મિટિંગ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં યુવાસંઘ ના ત્રિસ્તરીય માળખાના તમામ વર્તમાન અને પૂર્વ મિત્રોને જોડાવા માટે આગ્રહભરી અપીલ કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ૧૦૦ થી વધુ જોડાયા હતા.

Yuvasangh Special Action plan Against Corona વિષય પર

આહ્વાન આપતા યુવા સંઘ મહામંત્રી શ્રી નટવરભાઈ સામાણીએ સૌ નું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ

7 step Action Vs Corona સમપદીની પ્રસ્તાવના ખૂબ જ સુંદર રીતે, વિસ્તારથી યુવાસંઘ પ્રમુખ સેવક વસંતભાઈ ધોળું દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ યુવા સંઘ ઉપપ્રમુખ મિશન ચેરમેન મોહનભાઈ ધોળું દ્વારા સૌને એક્શન પ્લાન નું અને મિશનનું આવહાન કરવા માં આવ્યું હતું.

Zoom App જાણકારી,

YSK જાણકારી..

નખત્રાણા કન્યા છાત્રાલય covid સેન્ટર પ્રારંભ ની ગતિવિધિ જાણકારી મિશન ચેરમેનશ્રી મોહનભાઇ દ્વારા આપવામાં આવી હતી. ત્યારબાદ હેલ્થ એન્ડ ડીઝાસ્ટર કેન્દ્રીય કન્વીનરશ્રી

નવીન જબુવાણી દ્વારા H&D ડૉ. હેલ્પલાઈન જાણકારી, પ્લાઝમા ડોનેટ અને અન્ય વર્તમાન સમયની ચાલતી સમિતિ ની ગતિ વિધી ની જાણકારી આપવામાં આવી હતી.

અંતમાં સૌ ની આભારવિધિ અંજુબેન ધોળું દ્વારા કરવામાં આવી હતી.

कार्य Hum Se
करेंगे दिलसे
Team Yuvasangh
2018 - 21
જય મિશન..
જય યુવાસંઘ..

• મહારાષ્ટ્ર રાજ્યની ૧૦ મી પરીક્ષા રદ! • રાજ્ય મંત્રીમંડળનો મોટો નિર્ણય!

કોરોનાની કથળેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને આજે મળેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં દસમાની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે પત્રકારો સાથે વાત કરતાં આ અંગે માહિતી આપી છે. જો કે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે ૧૨ મા ધોરણની પરીક્ષા લેવામાં આવશે.

નખત્રાણા પાટીદાર કન્યા છાત્રાલય મધ્યે કોવિડ કેર સેન્ટર ની કચ્છ કલેક્ટર દ્વારા મુલાકાત લેવામાં આવી..

સાથે પધારેલા ગુજરાત રાજ્ય ના મંત્રી વાસણભાઈ અબડાસા ધારાસભ્ય PM જાડેજા સહિત ના ઓ એ પાટીદાર સમાજ ના ઉમદા કાર્ય ને બિરદાવ્યું.

નખત્રાણા ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલીત પાટીદાર કન્યા છાત્રાલય માં ઉભી કરાયલ કોરોના કોવિડ કેર સેન્ટર ને આખરી ઓપ આપવા હેતુ થી ગુજરાત સરકાર ના સામાજીક અને પછાત વર્ગ ના મંત્રી વાસણભાઈ આહીર કચ્છી સાંસદ વિનોદભાઈ ચાવડા આબડાસા વિસ્તાર ના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા કચ્છ કલેક્ટર શ્રીમતી પ્રવીણા ડી કે.કચ્છ જિલ્લા વિકાસ અધિકારી ભવ્ય વર્મા. જિલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઈ પટેલ. નખત્રાણા નાયબ કલેક્ટર ડો મેહુલ કુમાર બરાસરા. સહીત ની ટીમે પાટીદાર છાત્રાલય ની મુલાકાત લીધી હતી

આ પ્રસંગે કડવા પાટીદાર સમાજ ના ઉપપ્રમુખ ડો શાંતિલાલ સેંગાણી ખજાનચી છગનભાઈ રૈયાણી. મંત્રી પ્રવીણભાઈ ધોળું. પા. છાત્રાલય ના કન્વીનર પ્રવીણભાઈ ધનાણી નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ જયસુખભાઇ ડાયાણી. તાલુકા ભાજપ પ્રમુખ દિલીપભાઈ નરસીગાણી. જિલ્લા પંચાયત ના સદસ્ય શ્રીમતી નયનાબેન પટેલ તાલુકા પંચાયત ના પૂર્વ પ્રમુખ ભરતભાઈ સોમજીયાણી. નખત્રાણા ચેમ્બર ના પ્રમુખ બાબુભાઈ ધનાણી.લાલજીભાઈ રામાણી નખત્રાણા ઝોનપ્રમુખ સુરેશભાઈ કાનજીયાણી. યુવાસંઘ કચ્છ રીજીયન ચેરમેન છગનલાલ ધનાણી. પૂર્વ ચેરમેન શૈલેષ પોકાર. વિશનજીભાઈ પાંચાણી. હરિસિંહ રાઠોડ નૈતિક પાંચાણી. તાલુકા પંચાયત સદસ્ય કેતન પાંચાણી.. કાનજીભાઈ કાપડી.. નખત્રાણા ના તલાટી માળીભાઇ સહિત ના હાજર રહી કોવિડ સેન્ટર ની મુલાકાત સમયે હાજર રહેલ

નખત્રાણા પાટીદાર છાત્રાલય માં કોવિડ સેન્ટર જલ્દી થી ચાલુ થઇ જાય અને કોરોના સંક્રમીતો ને ઝડપી સારવાર મળે તે માટે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર સક્રિય છે તેવુ વાસણભાઇ તેમજ કલેક્ટરશ્રી એ જણાવેલ

પાટીદાર સમાજે આ ભવ્ય સંકુલ માં કોવિડ સેન્ટર ઉભું કરાવવવા સરકાર ને ઉપયોગી થવા માટે હિતકારી કાર્ય કર્યું છે તે બદલ રાજ્ય મંત્રી એ મોવડીઓ ને અભિનંદન આપ્યા હતા

અને ગત વર્ષે કોરોના રાહતફંડ માં પાટીદાર સમાજે દોઢ કરોડ જેવી માતબર રકમ આપી ને પોતાનુ ઉમદા યોગદાન આપ્યું હતુ જેની પણ સરહના કરાઈ હતી .

આગામી સમય માં પહોંચી વળવા અહીં જરૂરીયાત મુજબ બેડ ની વ્યવસ્થા પણ કરવા માં આવશે એવું પાટીદાર સમાજ ના મોવડી ઓ એ જણાવ્યું...

નખત્રાણામાં પાટીદાર કન્યા છાત્રાલય ખાતે ઓક્સિજનની સુવિધા સાથેનું આધુનિક કોવિડ કેર સેન્ટર ચાલુ કરવાની તૈયારીઓ પુરજોશમાં..

કચ્છ કલેક્ટર, મંત્રી શ્રી વાસણભાઈ, ડો. સેંઘાણી સાહેબ ની ઉસ્થતી માં ચર્ચા વિચારણા... જેમાં નખત્રાણા ગામ ના અગ્રણીઓ નીં પણ ઉપસ્થિત રહી સમીક્ષા કરવામાં આવેલ....

કોવિડ સામે સુરક્ષિત રહેવા અને હોસ્પિટલ માં જવા પહેલા અને બાદ માં રેફરન્સ ડોક્ટરની સેવા આપવા ઉત્સાહી અને તજજ્ઞ શ્રીસમાજ ના સનાતની ડોક્ટર્સ યાદી

Sanatan Medicos Helpline

Any Suggestion or To Add Your Number Whatsapp Navin Jabwani 9370152299

Name	Place	Mobile	Time
Dr.Vinod Patel	Bilimora	9825486754	Anytime
Dr. Vipu Patel	Rajkot	9824206672	9.30-10.30 AM
Dr. Arpit Patel	Ahemadavad	9727274787	1.00-2.00 PM
Dr. Shashin Patel	Ahemadavad	9904757647	9.30 - 10.30 PM
Dr. Vithal Patel	Naroda	9327152967	8.00-9.00 AM
Dr. Vipul Patel	Naroda	9874490435	Anytime
Dr. Amrish Patel	Asodar	9824536624	Anytime
Dr. Amrut Patel	Himmatnagar	9427691144	6.00-7.00 PM
Dr. Govind Patel	Modasa	7016857070	8 PM Onwards
Dr. Jitu Patel	Talod	9426379816	Anytime
Dr. C.D Patel	Himmatnagar	9426597930	9.00-11.00 PM
Dr. Navin Patel	Modasa	9426365663	6.00-7.00 PM
Dr. Satish Patel	Himmatnagar	9428768214	10.30-11.30 PM
Dr. Atul Diwani	Dahegam	9428614415	Anytime
Dr. J P Keshrani	Bhuj	9825957037	7.00 to 8.00 Pm
Dr. Pravin Patel	Bhuj	9825449099	6.30-7.30 Pm
Dr. Ramjibhai Keshrani	Manjuva	9825225358	8.00-9.00 Pm
Dr. Avinash Patel	Mundra	9426048911	Anytime
Dr. Shantilal Segani	Nakhatrana	9426730055	5.00-7.00 PM
Dr. Yogesh Velani	Bhuj	9426931789	5.00-7.00 PM
Dr. Jayesh Patel	Pune	7775923234	Anytime
Dr. Damjibhai Patel	Pune	9860576590	Anytime
Dr. Rameshbhai Patel	Davangere	9448979957	4.30 -6.30 PM

પારસી ની નિષ્ઠા ની તો કદર કરવી જ પડે ?

દયાળુ, કર્મઠ અને ભારતમાં માત્ર ૦.૦૦૦૦૦૦૦૦૦૦૦૧% જનસંખ્યા વાળા પારસીઓને સમર્પિત

દરેક ભારતીયોને આપ પારસીઓ પર ગર્વ છે....

કોવીડ વેક્સિન બનાવવવાવાળી કંપની **'સીરમ'** એક પારસી ઉદ્યોગપતિની છે. જેમનું નામ છે **"આદાર પુનાવાલા"**.

આદાર પુનાવાલાએ બોમ્બે પારસી પંચાયતને ૬૦,૦૦૦ વેક્સિનની ઓફર કરી હતી. એટલા માટે કે પારસીઓને પેહલા વેક્સિન લાગી જાય. પરંતુ, બોમ્બે પારસી પંચાયતના અધ્યક્ષ અને પ્રખ્યાત ઉદ્યોગપતિ **"રતન ટાટા"**એ એવું કહ્યું કે આપણે પ્રથમ ભારતીય છીએ બાદમાં પારસી! અમારે વેક્સિન ત્યારે જોઈએ જયારે દરેક ભારતીયને વેક્સિન લાગી જાય!!

ફેક્ટરીથી શરુ થઈને વેક્સિન આગળ કેવી રીતે આવે છે જુઓ એક ઝલક :

વેક્સિન જે કાચની શીશીમાં એટલે કે વ્હાઈલમાં પેક થાય છે, એને પણ એક પારસી કંપની જ બનાવે છે... જેનું નામ છે 'સ્કોટસ્લાઈસ' અને એનાં માલિક છે **"રાસીદ દાદાચંદજી"**.

વેક્સિનને પૂરાં ભારતમાં ટ્રાન્સપોર્ટેશન માટે **"રતન ટાટા"**એ પોતાની કંપનીના રેફરીજરેટેડ વાહન મુફતમાં આપ્યાં છે!!

જો વેક્સીનને હવાઈ માર્ગે જેટથી મોકલાય તો એનાં માટે એક પારસી **"શ્રી જાલ કવાડિયા"**એ પોતાના ૦૫ જેટ આપ્યાં છે!!

વેક્સિનને રાખવાં માટે જે ડ્રાઈ આઈસ એટલે કે લીકવીડ કાર્બન ડાઈઓક્સાઈડનો ઉપયોગ થઈ રહ્યો છે એ પણ એક પારસી **"ફરોક દાદાભાઈ"** આપી રહ્યા છે!!

ભારતમાં ૨૫ જગ્યા પર વેક્સિનેશન સ્ટોર માટે એક પારસી **"આદિ ગોદરેજ"**પોતાના રેફરીજરેટેડ યુનિટ પણ સોંપી દીધા છે!!

વિચારો આ પારસીઓને ભારતની કોઈ સુવિધા નથી જોઈતી. એ પોતાને ક્યારેય અલ્પસંખ્યક માનતા જ નથી!!

મારાં ખ્યાલ મુજબ આજ સુધી પારસીઓએ અલ્પસંખ્યક કલ્યાણ યોજનાનો ફાયદો નથી લીધો. એમાં પણ પારસીઓ પોતાને અલ્પસંખ્યક નહિ, પણ **"ભારતીય"**સમજે છે. ભારતના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. ભારતની GDP માં સૌથી વધુ યોગદાન આપી રહ્યા છે. ભારતને સૌથી વધુ ટેક્સ પણ તેઓ ચૂકવી રહ્યા છે અને જયારે પણ ભારતને આફત માં મદદ કરવાની હોય... ત્યારે સૌથી આગળ પારસીઓ જ હોય છે....!!!

શત શત નમન છે...
આ ભારતના મહાન સપૂતોને!!
વંદે માતરમ.

જય માતાજી..... ચૈત્રી નવરાત્રી.....

या देवी सर्वभूतेषु शक्ति रूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः॥

નવ દુર્ગા હિંદુ ધર્મમાં શક્તિ અને ઉપાસના ની પરંપરાના દેવી છે.

ધાર્મિક શાસ્ત્રો અનુસાર જો નવરાત્રી દરમિયાન મા દુર્ગાના બીજ મંત્રો નો વિશેષ રૂપે જાપ કરવામાં આવે તો તેનાથી મન અને આત્મા બંનેને શાંતિ મળે છે. ચાલો આવો જાણીએ માતા નવ દુર્ગા ના બીજ મંત્રો અને ઉપાસના થી થતા લાભદાયી ફળો વિષયે...

નવદૂર્ગાના બીજ મંત્ર :

૧. શૈલપુત્રી માતા - **ह्रीं शिवायै नमः।**

શૈલપુત્રી અખંડ સૌભાગ્યની દાતા છે. કોઇપણ પ્રકારની કાર્ય સિદ્ધિ માટે અને દરેક ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે માંના આ સ્વરુપની પૂજા અર્ચના કરવામાં આવે છે.

૨. બ્રહ્મચારિણી માતા - **ह्रीं श्री अम्बिकायै नमः।**

મા બ્રહ્મચારિણીની પૂજા આરાધના કરવાથી ભક્તોને અનેક પ્રકાર ના ફળ પ્રાપ્ત થાય છે. તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃધ્ધિ થાય છે. બ્રહ્મચારિણી માતાની આરાધના કરવાથી શરીર સ્વાસ્થ્ય સારૂ રહે છે તેમજ રોગમાંથી છુટકારો થાય છે.

૩. ચંદ્રઘંટા માતા - **ऐं श्री शक्तयै नमः।**

માતા ચંદ્રઘંટા શક્તિ ની પૂજા અને સાધના થી મણિપુર ચક્ર જાગૃત થાય છે તેની સાથે વીરતા, નિર્ભયતા ની સાથે જ સૌભાગ્ય તથા વિનમ્રતા નો વિકાસ થાય છે.

૪. કુષ્માંડા માતા - **ऐं ह्री देव्यै नमः।**

આદ્યશક્તિના આ સ્વરુપમાંથી જ સમગ્ર સૃષ્ટિનું નિર્માણ થયું હોવાનું શાસ્ત્રો માને છે. તેમની પૂજા કરવાથી દરેક પ્રકારના રોગ અને શોકનો નાશ થાય છે. આ સાથે જ સાધકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કોઈપણ રોગથી મુક્તિ મેળવવા માટે આ મંત્રથી માં કુષ્માંડાનું ધ્યાન કરવું જોઈએ.

૫. સ્કંદમાતા - **ह्रीं क्लीं स्वमिन्यै नमः।**

દેવી ભાગવતમાં જણાવ્યા પ્રમાણે માતાના આ સ્વરુપની પૂજાથી સંતાન પ્રાપ્તીનો મનોરથ પૂર્ણ થાય છે. તેમજ વંશ આગળ વધે છે. વાંઝિયાપણાનો શ્રાપ દૂર કરવા માટે માતાનું ધ્યાન ધરી તેમની સાધના કરવી જોઈએ.

૬. કાત્યાયની માતા - **क्लीं श्री त्रिनेत्रायै नमः।**

મા કાત્યાયનીની ભક્તિ કરવાથી મનુષ્યને ખુબ જ સરળતાથી અર્થ, કામ, ધર્મ અને મોક્ષ ચારો ફળોની પ્રાપ્તિ થાય છે. તેમને આ લોકમાં પણ અલૌકિક તેજ અને પ્રભાવ મળે છે.

૭. કાળરાત્રી - **क्लीं ऐं श्री कालिकायै नमः।**

કાળરાત્રિની પૂજાને શુભ ફળદાયી ગણવામાં આવે છે. આ જ કારણે તેમને શુભંકારી પણ કહે છે. એવી માન્યતા છે કે માતા કાળરાત્રિની પૂજા કરવાથી મનુષ્ય સમસ્ત સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. માતાની ભક્તિથી દુષ્ટોનો નાશ થાય છે અને ગ્રહબાધા દૂર થાય છે.

૮. મહાગૌરી માતા - **श्री क्लीं ह्रीं वरदायै नमः।**

મહાગૌરી સ્વરુપ માતાનું સુંદરઆભામંડળ સાથે સર્વશક્તિ સ્વરુપ છે. માંના આ સ્વરુપને અન્નપૂર્ણા, ઐશ્વર્ય પ્રદાતા, માનસિક શાંતિ આપનાર અને સાંસારિક તાપથી મુક્તિ આપનાર માનવામાં આવે છે

૯. સિધ્ધિદાત્રી માતા - **ह्रीं क्लीं ऐं सिद्धये नमः।**

દુર્ગા પૂજાના નવમે દિવસે સિધ્ધિદાત્રી માઁ ની ઉપાસના કરવાથી ભક્તો અને સાધકોની લૌકિક, પરલૌકિક બધા પ્રકારની ઈચ્છાઓ પૂરી થાય છે.

મંત્રો સ્વયં સિદ્ધ, શક્તિશાળી અને ચમત્કારિક હોય છે..

સામાજિક અને આધ્યાત્મિક મિશન..
કન્વીનર, વિદર્ભ રિજીયન,
જ્યોતિ સેંઘાણી..

રામ એટલે રાષ્ટ્રપ્રેમ રામનવમી ઉત્સવ - મર્યાદાપુરુષોત્તમ રામચંદ્રજી

આપણે દર વર્ષે ચૈત્ર નવરાત્રી ના નવ દિવસ માંની ભક્તિ કરી નવમી તિથિ એટલે કે રામનવમી મનાવીએ છીએ.

આ દિવસે અન્નકૂટ, દિવા, આરતી કરી ભગવાનનો જન્મદિવસ ઊજવતા રહ્યા છીએ, પરંતુ સાચા અર્થમાં **રામ એટલે જગતના અતિ ઉચ્ચ અને સર્વોચ્ચ ગુણોનો સમૂહ, રામ એટલે રાષ્ટ્ર પ્રેમ, રામ એટલે દેશભક્તિ, રામ એટલે પરિવાર પ્રેમ.**

શ્રી રામનું ચરિત્ર કલ્પનાથી પણ કલ્પી ન શકો એવું તેનું ચરિત્ર છે, તે કેવળ કલ્પના નો વિષય નથી પણ વાસ્તવિકતા નો વિષય છે.

રામચરિત્ર એટલું પવિત્ર છે કે એના જેટલું પવિત્ર ચરિત્ર જગતમાં કિંચિત્ જ જોવા મળશે.

ઉત્કૃષ્ટ યોદ્ધા, ઉત્કૃષ્ટ પ્રજાપાલક કે પછી ખરા કર્મયોગી તરીકે સ્તુતિ કરું. તેમનું વ્યક્તિત્વ ટોચનું વિશાળ અને પ્રતિભાશાળી છે.

રામ કાલીન શાસન વ્યવસ્થા, અર્થવ્યવસ્થા રામ કાલીન સમાજ વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા, કુટુંબ,પરિવાર વ્યવસ્થા ખરેખર અભ્યાસ કરવા જેવું છે. રામ એ રઘુવંશના મંદિર નો શ્રેષ્ઠ ધ્વજ છે. રામ ના ગુણોનું ચિંતન કરીએ અને નિત્ય એના ગુણો જીવનમાં વર્ણવવાનો પ્રયાસ કરીએ, તો રામ નવમી ઉજવી કહેવાશે..

અરે હા.... આપણે તો રામના જ વંશ છીએ તો રામ જેવું જીવન કેમ ન જીવી શકીએ?

ઋષિ કશ્યપ તેના પુત્ર, સૂર્ય ના વંશજ એટલે પાટીદાર અને પાટીદાર શબ્દ સાંભળતાં જ એના તેજસ્વી અર્થનું અજવાળું આપણા ભીતર પથરાવવા લાગે છે . મહેનતી, કર્મઠ, પરદેશ માં પણ વિકાસશીલ, વિસ્તાર વધારનારો શૂરવીર અને આંખમાં આંખ પરોવી ઉભો રહેનારો નીડર,, રઘુવંશી પુત્ર, એટલે કે કડવા પાટીદાર.

આ આર્ય સંસ્કૃતિ નું પુનરાવર્તન કરવા તૈયાર થયેલો કડવા પાટીદાર નો વર્ગ એટલે આજનો યુવાસંઘ જે સાચા અર્થ માં કાર્ય કરી રહ્યા છે. આ ટીમ યુવાસંઘ. મિશન અભિમન્યુ દ્વારા સમાજ ના બાળકો, યુવાનોમાં નવા નચિકેતા નું નિર્માણ કરી રહ્યા છે, અને પરિવાર પ્રાર્થના દ્વારા ભક્તિ નું બીજ રોપાઈ રહ્યું છે.

શ્રી લક્ષ્મીનારાયણ ની આરતી દ્વારા સમાજના દરેક પરિવારમાં સંગઠન અને એકતાની મૂળભૂત વાતો નું અમલીકરણ થઈ રહ્યું છે. સમય સાથે યુવાસંઘ તાલ મિલાવી યુવા ઓલમ્પિયાડ દ્વારા તેજસ્વી તારલાઓનું નિર્માણ કરી રહ્યું છે આજ તો છે,રઘુવંશીઓ નું કાર્ય અને શ્રીસમાજ, યુવાસંઘ, કે મહિલાસંઘ હંમેશા આવા કર્યો માટે પ્રયત્નશીલ છે જ.

રામના જીવન માં ભાવનાત્મક અને કર્તવ્યનો સંઘર્ષ સતત ચાલતો રહ્યો છે. કર્તવ્યનિષ્ઠા એ જ રામ ના જીવનનું મુખ્ય તત્વ રહ્યું છે.

આવો, સૌ કડવા પાટીદાર જ્ઞાતિજનો રઘુવંશમાં જન્મ ધારણ કર્યાનુ સાર્થક કરી રામ નવમી ઉજવીએ.

- મંજુલા પુરુષોત્તમ પારસિયા, હાવડા
નવચેતન રિજિયન

જય શ્રીરામ રામનવમી ૐ रां रामाय नमः

રામનવમી વસંત ઋતુ માં આવતો હિંદુઓનો ધાર્મિક તહેવાર છે. ભગવાન વિષ્ણુ ના સાતમા અવતાર તરીકે જેમનું પ્રાગટ્ય થયું એવા ભગવાન શ્રીરામ ના જન્મ તિથિ ને ઉજવતો દિવસ એટલે હિન્દુ ધર્મ માં સૌથી મહત્વ નો તહેવાર રામનવમી છે.

મર્યાદા પુરષોત્તમ ભગવાન શ્રીરામ નો જન્મ ચૈત્ર સુદ નવમી ના દિવસે બપોર ના બાર વાગ્યા રોજ થયો હતો.તેથી રામનવમી નું માહાત્મ્ય અનેરું, અનોખું અને અદ્વિતીય છે. રામનવમી એટલે ભગવાન શ્રીરામ ના પ્રાદુર્ભાવ નો પવિત્ર દિવસ.

ભારતીય ઉપખંડ ના મહત્ત્વ ના એવા હિન્દુ ધર્મ ના શાસ્ત્રો માં વર્ણવ્યા અનુસાર જ્યારે સમાજ માં સત્ય ઉપર અસત્ય, સદાચાર ઉપર દુરાચાર, પ્રમાણિકતા ઉપર અપ્રમાણિકતા, ઋષિ સંસ્કૃતિ ઉપર દૈત્ય શક્તિઓ હાવી થવા લાગી ત્યારે શ્રીરામ તેમનો નાશ કરવા માટે જન્મ લીધો. આ રામનવમી માત્ર શ્રીરામ ના જીવન ની જ નહીં પણ સાથે સાથે એક એવા પુત્ર ની પણ , આપણ ને યાદ અપાવે છે, જે પોતાના પરિવાર ની ફરજો ઉપરાંત કુટુંબ તેમ જ સમાજ પ્રત્યે ની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવા સાથે એક મર્યાદા પુરુષોત્તમ તરીકે નું, એક પૂર્ણ પુરુષ નું જીવન વ્યતીત કર્યું.

રામ નામ અદભુત સંજીવની છે, અમોઘ શસ્ત્ર છે, મહાન શક્તિ છે.

માત્ર એકજ વખત 'રામ' બોલાઇ જવાય તો પણ અધમનો ઉદ્ધાર થઈ જાય છે. 'રામ' ને બદલે 'મરા...મરા...' બોલનારો વાલિયો લૂંટારો મહાન કવિ અને રામાયણ ના રચયિતા મહર્ષિ વાલ્મીકિ બની ગયો ! સપ્તર્ષિઓએ આ રત્નાકર (વાલિયો લૂંટારા) ને 'રામનામ' નો મહિમા સમજાવ્યો .

રાવણે ત્રિલોકમાં ત્રાસ ફેલાવ્યો હતો, તે દેવોને પણ અનેક પ્રકારે દુઃખ આપતો હતો તેથી ભગવાન વિષ્ણુએ 'રામાવતાર' લઈ આ દુષ્ટ રાવણનો સંહાર કર્યો હતો.

શ્રી રામચંદ્રજી દશાનન રાવણ નો સંહાર કરવા માટે અને ધર્મ સ્થાપના કરવા માટે , અસુરો

નો ધ્વંસ કરવા માટે અને સંત મહાત્માઓ ના રક્ષણાર્થે આ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામ્યા છે.

શ્રીરામ ધર્મ નું સાક્ષાત સ્વરૂપ છે.સર્વ આપત્તિ ના હરતા અને સર્વ સંપત્તિ ના દાતા છે.માટે રામનવમી ની વ્રતકથા વાંચવાથી કે સાંભળવાથી બ્રાહ્મણ શબ્દ બ્રહ્મ નાં પાર ને પામે છે, ક્ષત્રિય ને રાજનીતિ પ્રાપ્ત થાય છે અને વૈશ્ય ને વ્યાપાર કુશળતા તથા શૂદ્ર ને શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે.

રામનામ અને રામકથા સૌને ફળ દેનારી છે, તે સુંદર સરોવર સમી છે, જેમાં રામજન્મ નું રામલીલા નું નિર્મળ નીતર્યું નીર છે, તેમાં નિષ્ઠા અને ભક્તિ ની શીતળ છાયા છે.

રામનવમી વ્રત અતિ કલ્યાણકારી, હિતકારી અને પ્રતીકારી અને સનાતન બ્રહ્મ ની પ્રાપ્તિ માટે અમોઘ સાધન છે.

અયોધ્યાના રામ મંદિર નિર્માણ નું આજે પર્વ.
જ્યોતિ રાજેશ સાંખલા,
VDR યુવાસંઘ..

-: ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ :-

તારીખ : ૧૯/૪/૨૦૨૧ સોમવાર
સ્વ. જીજ્ઞાબેન પ્રદિપભાઈ સેઘાણી, ઉંમર : ૨૪ વર્ષ,
અવસાન નું કારણ : કોરોના સંકમણ
કચ્છમાં ગામ : ઘડુલી હાલે : દહેગામ
સ્વ. પ્રેમજી પ્રભુદાસ છાભૈયા, ઉંમર : ૮૨ વર્ષ,
કચ્છમાં ગામ : કોટડા (જ.) હાલમાં : હિંમતનગર
તારીખ : ૨૦/૪/૨૦૨૧ મંગળવાર
સ્વ. શૈલેષ શિવજીભાઈ છાભૈયા, ઉંમર : ૩૫ વર્ષ,
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ
કચ્છ માં ગામ : દેવીસર હાલે : પીંપળગામ-બસવંત, નાશિક.
સ્વ. શ્રી પુંજાભાઈ ખેતસીભાઈ સાંખલા, ઉંમર : ૮૬ વર્ષ,
કચ્છમાં ગામ : ઉખેડા, નખત્રાણા હાલે : ઘાટકોપર, મુંબઈ
સ્વ. શ્રી સામજીભાઈ દેવશીભાઈ રૂડાણી, ઉંમર : ૭૪ વર્ષ,
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ
કચ્છમાં ગામ : વિગોડી, તા. નખત્રાણા હાલમાં : ભંડારા (મહારાષ્ટ્ર)
સ્વ. શાંતીભાઈ શિવજીભાઈ વાડીયા, ઉંમર : ૬૫ વર્ષ,
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ
કચ્છમાં ગામ : દયાપર હાલે : રાજકોટ
સ્વ. પ્રેમજીભાઈ રતનશીભાઈ દિવાણી, ઉંમર : ૭૩ વર્ષ,
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ
કચ્છમાં ગામ : દયાપર હાલે : સુરેન્દ્રનગર
સ્વ. દમયંતીબેન જીવરાજભાઈ હળપાણી, ઉંમર : ૬૧ વર્ષ,
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ
કચ્છમાં ગામ : મથલ, હાલે : નાગપુર
સ્વ. મોહન ગોવિંદ ભીમાણી, ઉંમર : ૫૭ વર્ષ,
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ
કચ્છ માં ગામ : મંગવાણા, હાલે : થાણા
સ્વ. વાલજીભાઈ રામજીભાઈ નાકરાણી, ઉંમર : ૬૩ વર્ષ,
કચ્છ માં ગામ : આમારા, હાલે : ધારરોડ, ઈન્દોર (MP).

-: પુષ્પઅંજલી :-

સ્વ. પુંજાભાઈ ખેતસીભાઈ સાંખલા, ઉંમર વર્ષ ૮૬, ગામ ઉખેડા, હાલે મુંબઈ ટ્રસ્ટીશ્રી દેવાશિષ હોસ્પિટલ નખત્રાણા વાળાનું આજ રોજ તારીખ ૨૦/૦૪/૨૦૨૧ના મુંબઈ મદયે દેહાવસાન થયેલ છે.

તેમણે હોસ્પિટલની પાયાની શરૂઆતથી આજ સુધી હોસ્પિટલમાં સતત સારીરિક અને માનસિક રીતે હાજર રહી અમુલ્ય સેવા આપેલ છે. તેની આપણી આ સંસ્થા નોંધ લે છે અને તેમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

તેમના સંતાન સુરેશ, જગદીશ,ભૂપેન્દ્ર અને પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ સમયે ,તેને સહન કરવાની શક્તિ આપે અને પૂંજાબાપાના સેવાભાવના કાર્ય ને આગળ વધારે એવી અભ્યર્થના સહ પ્રાર્થના.



આજ પણ તેમના પરિવાર દ્વારા પુષ્પઅંજલી સ્વરૂપે ૧૦૦૦૦૦/- એક લાખ રકમની ભેટ દેવાસીશ હોસ્પિટલ નખત્રાણા ને અર્પણ કરીને વડીલ ના અભિગમ ની પ્રતીતિ કરાવે છે..

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ.
દેવાસીશ હોસ્પિટલ નખત્રાણા..